જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૪/૨૦૧૪ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૫/૧૪</u>**

**<u>ક્રાઈમ બ્રાન્ચ:-</u>**

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુન્હાઓ બનતા હોય જેથી આ પ્રકારના ગુન્હાઓ કરનાર ઈસમોને પકડી લઈ આવા ગુનાઓ અટકાવવા સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય, જે અનુસંધાને સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમબ્રાન્ચ નાઓના માર્ગ દર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એસ.ગેડમ તથા પોસઈશ્રી બી.આર.પરમાર પોસઈશ્રી વી.એચ.જાડેજા તથા તેઓની ટીમના માણસો આજરોજ તા.૨૮/૪/૧૪ ના રોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના સ્કોડના મ.સ.ઈ. મહાવિરસિંહ ગુમાનસિંહ નાઓની ચોક્કસ બાતમી આધારે લાલ દરવાજા પાલીકાબજારના ગેટ પાસે આવેલ એએમટીએસ ના ૧૦૫ નંબરના બસ સ્ટેન્ડ ખાતેથી એકર ઈ-મશીન્સ કંપનીના લેપટોપ નંગ-૧ તથા એપલ કંપનીના આઈફોન-૫ મોબાઈલ ફોન નંગ-૧ સાથે એક સગીરવય (ઉ.વ-૧૭) નો કિશોર મળી આવેલ.

જે સગીર વયનો અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર હોય હોય જેથી તેના વાલીને બોલાવવા તજવીજ કરવામાં આવેલ અને સગીર વયના કિશોર ની પુછપરછ કરતા આ લેપટોપ તથા એપલ કંપનીનો આઈફોન-૫ મોબાઈલ ફોન તેણે થોડા દિવસ પહેલા રાણીપ વિસ્તારમાં એક મકાનમાંથી ચોરી કરેલ હોવાનુ જણાવતા જે લેપટોપ નંગ-૧ કીરૂ.૧૫૦૦૦/-નુ તથા એપલ કંપનીના આઈફોન-૫ મોબાઈલ ફોન નંગ-૧ કી.રુ.૪૦૦૦૦/- મળી કુલ્લે કિ.રુ.૫૫,૦૦૦/- નો મુદ્દામાલ સીઆરપીસી કલમ-૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ છે.અને મળી આવેલ કિશોરને તેના વાલી-વારસને સોપવામાં આવેલ છે. તેમજ રાણીપ વિસ્તારમાં તેણે કરેલ ચોરીની કબુલાત આધારે તપાસ કરતા **<u>રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુરનં-૫૦/૨૦૧૪ ઈપીકો કલમ ૩૮૦ મુજબના ગુન્હાનો ભેદ શોધાયેલ છે.</u>**

મળી આવેલ સગીરે ધો-૬ સુધીનો અભ્યાસ કરેલ છે અને તે અગાઉ સોનગઢ જી.તાપી ખાતે તેના પરિવાર સાથે રહેતો હતો અને હાલમાં પોતાની બહેનના ઘરે રાણીપ ખાતે છેલ્લા એક વર્ષથી રહેવા સારુ આવેલ છે. આ કિશોરે પોતાને લેપટોપ તથા આઈફોન મોબાઈલ જેવા આધુનિક ઉપકરણો વાપરવા નો શોખ જાગતા તે શોખ પુરો કરવા સારુ ગઈ તા.૧૬/૪/૧૪ ના રોજ વહેલી સવારના પાંચેક વાગ્યાના અરસામાં ચોરી કરેલ હતી. જે સમયે ઘર માલીક પોતાનુ મકાન ગરમીના કારણે ખુલ્લુ મુકી ઉંઘી રહેલ હોવાની સદર કિશોરે કબુલાત કરેલ છે. અને આ આઈફોન માનુ સીમકાર્ડ તેણે તોડીને ફેંકી દિધેલ તેમજ પોતાનુ સીમકાર્ડ નાંખી આ ફોન વાપરતો હતો અને લેપટોપ ચાલુ નહી કરી શકતા તેના કોઈ ગ્રાહક મળી આવેતો વેંચી નાંખવાની પેરવી કરી રહેલ હતો.

## <u>ગુન્હાહીત ઈતિહાસ</u>

સદર સગીર વયનો કિશોર અગાઉ છ થી સાતેક વર્ષ પહેલા એક વખત સોનગઢ ખાતેના એક મકાનની લોખંડની તિજોરીમાંથી સોનાના દાગીનાની ચોરી કરવામાં તથા આશરે બેએક વર્ષ પહેલા સોનગઢમાં એક દુકાનમાં રોકડા રૂ.૫૦,૦૦૦/- ની ચોરીના કેસમાં સોનગઢ પો.સ્ટે. જી-તાપી ખાતે પકડાયેલ હોવાની પણ કબુલાત કરેલ છે જે આધારે સદર કિશોર વિરૂદ્ધ અગાઉ દાખલ થયેલ ગુન્હાઓ તથા અન્ય કોઈ ગુન્હાઓમાં તેની સંડોવણી અંગેની આગળની વધુ તપાસ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.